# સુરત મહાનગરપાલિકા

## લાઈટ અને ફાયર(એક્ષ્ટીંગ્વીશીંગ) સમિતિ

### સુ ચ ના

સુરત મહાનગરપાલિકાની **લાઈટ અને ફાયર(એક્ષ્ટીંગ્વીશીંગ)સમિતિની** એક સભા **તા.૨૦–૬–૨૦૨૨** ના રોજ **સવારના ૧૧–૩૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૧. મ્યુ.ક.શ્રીનો તા.૮–૬–૨૦૨૨ નો પત્ર, નોર્થ ઝોન, લાઈટ વિભાગ ધ્વારા દરખાસ્ત સાથે સામેલ પત્રક–બ માં જણાવેલ કામ અંગે કુલ રૂા.૧,૩૫,૦૦૦/– ના થયેલ/થનાર ખર્ચની એકટની કલમ ૭૩(ડી) હેઠળ જાણ લેવા તથા સદર કામ અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા બાબત.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૨૫–૫–૨૦૨૨ નો પત્ર, પૂર્વ ઝોન–એ, વહીવટી કચેરી ખાતે ૧૩ પેસેન્જર માટેની લીફ્ટના સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ તથા કમીશ્નીંગ અને ૫ વર્ષના A.M.C સહીતની કામગીરી કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવ આપનાર ટેન્ડરર ઓરબીસ એલીવેટર્સ કું.લી, અમદાવાદને SITC કામના GST સહીત રૂા.૧૩,૧૩,૦૦૦/– તેમજ એક વર્ષના ગેરેન્ટી પીરીયડ બાદ પાંચ વર્ષ માટે એન્યુઅલ રેઈટ મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટના ભાવ GST સહીત કુલ રૂા.૩,૨૧,૬૭૫–૩૮ મળી SITC તથા AMC કામના કુલ રૂા.૧૬,૩૪,૬૭૫–૩૮ ના ખર્ચે સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૧–૬–૨૦૨૨ નો પત્ર, પૂર્વ ઝોન–બી માં આવેલ જુદી જુદી ૯(નવ) સોસાયટીના રસ્તા ઉપર ૬ મી. ઉંચાઈના ૬૯ નંગ સ્ટ્રીટલાઈટ પોલ ઉભા કરી તેના ઉપર ૭૦ નંગ એલ.ઈ.ડી. ફિટીંગ લગાડી કાર્યરત કરવાનું કામ સ્થા.સ.ઠ.નં.૭૦૬/૨૦૨૦ થી મંજુર થયેલ યુનિટ રેઈટ અને શરતે કરવા દરખાસ્તમાં જણાવેલ એમ્પેનલ થયેલ કુલ–૨૩ ઈજારદારો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨૧ માન્ય ઈજારદારો પૈકી કોઈ પણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૧૫,૩૧,૩૧૭–૫૦ થી ૧૦.૫૨% નીચા ભાવે એટલે કે રૂા.૧૩,૭૦,૨૨૨–૯૦ + પ્રવર્તમાન જીએસટીના ખર્ચે સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

... ૨

૪. મ્યુ.ક.શ્રીનો તા.૩–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઝોન–બી, ટી.પી.સ્કીમ નં.૩૩/૩૪, ડાયમંડ ગેટથી તલંગપોર ગામ સુધીના ૩૦ મી. ટી.પી.રસ્તા પર સ્થળ પરિસ્થિતિને અનુરૂપ ૧૫ મીટર પહોળાઈના રસ્તા માટેની સ્ટ્રીટલાઈટ પોલીસી મુજબ ૧૦ મી. ઉંચાઈના ઓકટાગોનલ સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરી તેના ઉપર ૧૨૦ વોટ એલ.ઈ.ડી. ફિટીંગ લગાડી ઓવરહેડ વાયર થકી સ્ટ્રીટ લાઈટ સીસ્ટમ કાર્યરત કરવાનું કામ સ્થા.સ.ઠ.નં.૭૦૫/૨૦૨૦ થી મંજુર થયેલ યુનિટ રેઈટ અને શરતે કરવા દરખાસ્તમાં જણાવેલ એમ્પનલ થયેલ કુલ–૨૧ ઈજારદારો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨૦ ઈજારદારો પૈકી કોઈ પણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૧૭,૭૪,૦૦૦/– થી ૧૫.૫૨% નીચા ભાવે એટલે કે રૂા.૧૪,૯૮,૬૭૫–૨૦ માં ૧૮% જી.એસ.ટી. ઉમેરતા કુલ રૂા.૧૭,૬૮,૪૩૬–૭૪ ના ખર્ચે સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫. મ્યુ.ક.શ્રીનો તા.૨૫–૫–૨૦૨૨ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૭૯, એફ.પી.નં.૧૧૯, મોજે સુલતાનાબાદ રે.સ.નં.૪૪૯, પિકનીક પેલેસ સોસાયટીના રસ્તા ઉપર સ્ટ્રીટલાઈટ સુવિધા પુરી પાડવાના રૂા.૮,૫૯,૦૪૦/– (જી.એસ.ટી. સહિત) ના નેટ તથા રૂા.૯,૧૯,૨૨૦/–(જી.એસ.ટી. સહિત) ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૬–૨૦૨૨ નો પત્ર, પૂર્વ ઝોન–એ, ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), સંત તુલસીદાસ તેમજ સ્વામી દયાનંદ સરસ્વતી બાગો ખાતે હયાત સ્ટ્રીટલાઈટ સીસ્ટમના રીનોવેશન અંતર્ગત ૬ મીટર ઉંચાઈના F.R.P. પોલ નંગ ૫ર ઉભા કરી તેના ઉપર ૧૫ વોટ ક્ષમતાના એનર્જી એફીસીયન્ટ એલ.ઈ.ડી. ફીટીંગ નંગ ૬૪ તેમજ ૭૦ વોટની ક્ષમતાના એલઈડી ફલડ લાઈટ ફીટીંગ્સ નંગ ૧૭ બંને મળી કુલ ૮૧ નંગ એલઈડી ફીટીંગ્સ લગાડી કાર્યરત કરવાના રૂા.૧૭,૭૩,૦૦૦/– ના નેટ તથા રૂા.૧૮,૯૮,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૭. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૫–૨૦૨૨ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલ ખાતે NMC ની ગાઈડ લાઈનના અનુસંધાને ૨૫૦ અન્ડરગ્રેજયુએટ સીટ માટે આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ કરવાના ભાગરૂપે લાયબ્રેરી બિલ્ડીંગ ખાતે ૫૦૦ વિદ્યાર્થીઓ બેસી શકે તે પ્રમાણે ૨૪ × ૭ કાર્યરત રહી શકે તેવા રીડીંગ રૂમ માટે જરૂરી એર કંડીશનીંગ સીસ્ટમ પ્રસ્થાપિત કરવાના રૂા.૧,૪૩,૪૨,૪૦૦/– ના નેટ તથા રૂા.૧,૫૩,૪૭,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૮. મ્યુ.ક.શ્રીનો તા.૧૯–૫–૨૦૨૨ નો પત્ર, સુ.મ.પા.ના વિવિધ જળ વિતરણ મથકો, હેલ્થ સેન્ટરો, ઝોન ઓફિસીસ તેમજ અન્ય બિલ્ડીંગો ખાતે મહત્તમ ૨૦૦૦ કી.વો.(પીક) ક્ષમતાના રૂફટોપ ગ્રીડ કનેકટેડ સોલાર ફોટોવોલ્ટેઈક બેઝડ પાવર પ્લાન્ટ સ્થાપિત કરી ચાલુ કરી દસ વર્ષ સુધી મરામત કરવાની કામગીરીના રૂા.૯.૯૨ કરોડ ના નેટ તથા રૂા.૧૦.૬૩ કરોડ ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૯. મ્યુ.ક.શ્રીનો તા.૩૦–૫–૨૦૨૨ નો પત્ર, સુરત–નવસારી રોડથી ભાણોદરા તરફ જતા રસ્તા પર રેલ્વે ફાટકના સ્થાને નવા બની રહેલ રેલ્વે ઓવર બ્રીજ પર સ્ટ્રીટલાઈટની સુવિધા આપવાના રૂા.૨૮,૩૬,૮૮૧–૧૫ + પ્રવર્તમાન જી.એસ.ટી ના નેટ તથા રૂા.૩૧,૦૦,૦૦૦/– + પ્રવર્તમાન જી.એસ.ટી ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન, પ્રિ.ટી.પી.સ્કીમ નં.૨૮ (અલથાણ–ભટાર), આંબેડકર સર્કલથી સોહમ સર્કલ જતા ૨૪ મી. પહોળાઈના રસ્તા ઉપર સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરી એલ.ઈ.ડી ફીટીંગ લગાડી સ્ટ્રીટલાઈટ સિસ્ટમ કાર્યરત કરવાનું કામ સ્થા.સ.ઠ.નં.૭૦૫/૨૦૨૦ થી મંજુર થયેલ યુનિટ રેઈટ મુજબ કરવા દરખાસ્તમાં જણાવેલ એમ્પનલ થયેલ કુલ–૨૧ ઈજારદારો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨૦ ઈજારદારો પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૨૧,૪૮,૧૪૦/– થી ૧૫.૫૨% નીચા ભાવે એટલે કે રૂા.૧૮,૧૪,૭૪૮–૬૭ + પ્રવર્તમાન જી.એસ.ટી. સાથે કુલ રૂા.૨૧,૪૧,૪૦૩–૪૩ ના ખર્ચે સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન, પ્રિ.ટી.પી.સ્કીમ નં.૯, મજુરા ગેટથી એટોપ નગર સોસાયટી સુધી જતા ૧૮ મી. પહોળાઈના રસ્તા ઉપર સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરી એલ.ઈ.ડી ફીટીંગ લગાડી સ્ટ્રીટલાઈટ સિસ્ટમ કાર્યરત કરવાનું કામ સ્થા.સ.ઠ.નં.૭૦૫/૨૦૨૦ થી મંજુર થયેલ યુનિટ રેઈટ મુજબ કરવા દરખાસ્તમાં જણાવેલ એમ્પનલ થયેલ કુલ–૨૧ ઈજારદારો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨૦ ઈજારદારો પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૨૧,૪૪,૮૪૦/– થી ૧૫.૫૨% નીચા ભાવે એટલે કે રૂા.૧૮,૧૧,૯૬૦–૮૩ + પ્રવર્તમાન જી.એસ.ટી. સાથે કુલ રૂા.૨૧,૩૮,૧૧૩–૭૮ ના ખર્ચે સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૨. સભ્યશ્રી ઘનશ્યામ ગોવિંદભાઈ મકવાણાનો તા.૨૧–૫–૨૦૨૨ નો પત્ર, તા.૧૩–૪–૨૦૨૨ ના રોજ મળેલ સભામાં ગેરહાજર રહેવાનું જણાવેલ કારણ મંજુર કરવા બાબત.

આ દે શ થી,

સેક્રેટરી

સુરત મહાનગરપાલિકા

મહાનગરપાલિકા કચેરી,

સુરત, તા.૧૬–૬–૨૦૨૨

મિલિન્દ પટેલ